**પાલીતાણાનાં એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, મુ.પાલીતાણા**

**ફોજદારી કેસ નં. ૩૧૯/૨૬**

**આંક:-**

ફરિયાદી ::- નામદાર સરકાર.

વિરૂધ્ધ

આરોપી ::- રૈયાબેન સુરેશભાઈ વાઘેલા

**:: <u>ચુકાદો</u> ::**

(૧) આ કામે ફરીયાદપક્ષે આરોપી ઉપર ધી મુંબઈ (ગુજરાત) પ્રોહીબીશન એકટ ૧૯૪૯ની કલમ ૬૫ (એ.એ.) મુજબનાં ગુનાનો આરોપ મુકેલ છે. ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ થતાં અને આરોપી હાજર થતાં, પ્રથમ આરોપીને વિના મુલ્યે પોલીસ પેપર્સની નકલ પુરી પાડી, આરોપીની આંક-૪ થી તહોમતનામું ફરમાવી આંક-૫ થી પ્લી નોંધતા, આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરેલ હોય, સદર કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૨) ફરીયાદપક્ષે કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**મૌખિક /દસ્તાવેજી પુરાવો.**

૧) આંક-૦૬ થી ફરીયાદી ની જુબાની, ૨) આંક-૦૭ થી ફરીયાદ, ૩) આંક-૦૮ થી પંચસાહેદ ની જુબાની, ૪) આંક-૦૯ થી પંચનામું, ૫) આંક-૧૦ થી પંચ સાહેદ ની જુબાની.

(૩) ત્યારબાદ એ.પી.પી.શ્રી એ મૌખિક રીતે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનુ જાહેર કરેલ છે. ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાના આધારે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ની કલમ ૩૫૧ મુજબ આરોપીનું વિશેષ નિવેદન લેતાં ફરીયાદપક્ષના પુરાવાનો ઈનકાર કરી નિદોર્ષ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ દલીલોના તબકકે સરકાર પક્ષે એ.પી.પી. શ્રી તથા આરોપી તરફેના વિ.વ. શ્રીની દલીલો સાંભળવામાં આવી.

(૪). સદર કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષએ નિશકપણે પુરવાર કરે છે કે, આરોપીના કબજામાંથી પંચનામામાં જણાવેલ વર્ણન મુજબ ફરીયાદમાં જણાવેલ જગ્યાએ અને સમયે ગેરકાયદેસર વગર પાસ પરમીટે પ્રોહી મુદ્દામાલ મળી આવી પ્રોહી એક્ટ કલમ – ૬૫/એ એ. મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો આચરેલો છે?

(૨). શું હુકમ ?

(૫). ઉપરોકત મુદા અંગેના મારા ન્યાયિક નિર્ણય નીચે મુજબ છે.

(૧). નકારમાં

(૨). આખરી હુકમ મુજબ.

**–:: <u>પુરાવાનું મુલ્યાંકન</u> ::–**

(૬) આ કામે ફરિયાદની હકીકત જોતાં બનાવવાળો વિસ્તાર વસ્તીવાળો વિસ્તાર હોવાનું જણાઈ આવે છે. તે ધ્યાને લેતાં આ કામે સ્વતંત્ર સાહેદો અને પંચો સહેલાઈથી મળી રહે તેમ માનવાને કારણ છે. હાલના કામે ચાર્જશીટ વંચાણે લેતાં આ કામે સ્વતંત્ર સાહેદોના નિવેદન લેવામાં આવેલા નથી કે સ્વતંત્ર સાહેદોને સાક્ષી તરીકે તપાસવામાં આવેલ નથી.

(૭) હાલના કામે જે પંચ સાહેદોને તપાસવામાં આવેલ છે તે ફરી ગયેલ છે એટલે કે ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરતા નથી. તેઓ પોતાની જુબાનીમાં સહી સિવાય પંચનામાની કે ગુનાની વિગત અંગે કંઈપણ બાબત જણાવતા નથી. જેથી ફરિયાદપક્ષ પંચનામાને સાબિત કરી શકયો નથી. વધુમાં, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ સુરેશભાઈ એસ. પટેલનો ચુકાદો કે જે, **(૨૦૧૧)૨૬ જી. એચ.જે. (૧)** માં પ્રસિધ્ધ થયેલા છે. જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે જયારે પંચ સાહેદો ફરિયાદપક્ષે ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર થાય ત્યારે ફરિયાદીના પુરાવા પર આધાર રાખવો એ સલામતીભર્યું ગણાય નહી. તેમ ઠરાવવામાં આવ્યુ છે. તેમજ માનસીંગ મુળુભાઈ કાઠી દરબાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૨ જે એલ. એચ. ઈ. એલ એચ.સી. પાના નંબર–૨૨૭૬૯૮ માં પ્રસ્થાપિત સિધ્ધાતો મુજબ " જો કોઈ પંચ સાહેદો ફરિયાદના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે

તેમજ આરોપી પાસેથી રીકવર કરેલ મુદ્દામાલ શીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજવતો હોય તેમજ સ્વતંત્ર સાહેદો તપાસેલા ના હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતનો વિરોધાભાસ જણાતો હોય તો આરોપીને શંકાનો લાભ આપી શકાય" વધુમાં કબજે કરેલ પદાર્થ દેશી દારૂ છે તે બાબતે કોઈ **FSL** રિપોર્ટ કોર્ટમાં રજુ થયેલ નથી. તેથી કબજે થયેલ મુદ્દામાલ શું છે તે બાબતે કોઈ સ્પષ્ટ રેકર્ડ પર નથી.

(૮) વધુમાં પોલીસ જ આ કામે ફરિયાદી છે. પોલીસ ધ્વારા જ ગુનો નોંધી/નોંધાવી તેની તપાસ કરી ચાર્જશીટ કોર્ટમાં દાખલ કરેલ છે. આ સમગ્ર હકીકત અને ગુનાનો પ્રકાર તથા સજાનું પ્રમાણ ધ્યાને લેતાં, આ કામે રજુ થયેલ ગુના લગત પંચનામું બિનપુરવાર રહેલ છે. જયારે પંચનામાની હકીકત જ પુરવાર થતી ન હોય તેવા સંજોગોમાં કરિયાદપક્ષના અન્ય સાહેદોને તપાસવામાં આવે તો પણ ફરિયાદપક્ષના કેસના ગુરુદોષ ઉપર કોઈપણ અસર થાય તેમ જણાઈ આવતુ નથી.

(૯) સમગ્ર હકીકત અને રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા આ કામના આરોપી પાસેથી ગુજરાત પ્રોહીબીશન એકટની જોગવાઈ મુજબનો કોઈપણ પ્રતિબંધિત પદાર્થ કે વગર પાસ પરમીટનો દારૂ મળી આવેલ હોય તે શંકાથી પર સાબિત થતુ નથી.

(૧૦) તેથી ઉપરોકત કરેલ ચર્ચા અને કારણોસર ફરિયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય સબબ ઉપરોક્ત હકીકત, કાયદાની જોગવાઈ તેમજ રજૂ પુરાવાને ધ્યાનમાં લેતાં મુદ્દા નં.૧નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ અન્વયે ન્યાયનાં હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવેલ છે.

**:: <u>આખરી હુકમ</u> ::**

(૧) આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૧(૧)અન્વયે તેની સામેના પ્રોહિ. એક્ટની **૬૫/એ.એ.** મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે મુદ્દામાલ પાવતી મુજબ કબજે કરવામાં આવેલ પ્રોહીબિટેડ મુદ્દામાલ નિયમ અનુસાર અપીલ સમય પુરો થયા બાદ નાશ કરવો અને જો અગાઉ સદર કામે મુદ્દામાલનો વચગાળાનો કોઈ હુકમ થયેલ હોય તો તે કાયમનો કરવામાં આવે છે.

(૩) આરોપીએ અગાઉ આપેલ જામીનને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ મુજબના અપીલ સમયના જામીન તરીકે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે તથા જામીનદાર ઈચ્છે ત્યારે કોર્ટ રૂબરૂ હાજર થઈ જામીનગીરીમાંથી છુટા થઈ શકશે

આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો

પાલીતાણા
તા.૨૭–૦૩–૨૦૨૬

(રાજેશ માંદીયાભાઈ ધોડી)
એડી ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, પાલીતાણા
કોડ નં.જીજ૦૧૧૭૫

કે.એ. ખાણધર.(પી.એ.)